Seat No. : _______________

# AB-104

**April-2016**

**B.A., Sem.-VI**

**CC-311 : Gujarati**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના : બધા** પ્રશ્નોના ગુણ સમાન છે.

1. ગાંધીયુગનાં વ્યાવર્તક લક્ષણો વર્ણવી, આ યુગમાં સાહિત્યક્ષેત્રે થયેલાં નવપ્રસ્થાનો અને સાહિત્યિક પ્રવૃત્તિઓનો વિગતે ખ્યાલ આપો.

   **અથવા**

   ટૂંકનોંધ લખો :

   (1) વાર્તાકાર ધૂમકેતુ

   (2) કવિ સુંદરમ્

2. સૉનેટ, નાટક અથવા નવલકથા પૈકી કોઈપણ એક સાહિત્યસ્વરૂપના વિકાસનો વિગતે પરિચય કરાવો.

3. અનુગાંધીયુગનાં પરિબળો અને લક્ષણોની ચર્ચા કરો.

   **અથવા**

   કોઈપણ **બે** વિશે નોંધ લખો :

   (1) કવિ રાજેન્દ્ર શાહ

   (2) કવિ નિરંજન ભગત

   (3) પ્રિયકાન્ત મણિયારની કવિતા

   (4) ઉશનસ્‌ની કવિતા

4. આધુનિક સાહિત્યને ઘડનારાં પરિબળોનો ખ્યાલ આપી, આધુનિક સાહિત્યનાં લક્ષણો ચર્ચો.

   **અથવા**

   ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**)

   (1) સર્જક સુરેશ જોશી

   (2) અસ્તિત્વવાદ

   (3) કવિ લાભશંકર ઠાકર

   (4) સાંપ્રત નવલકથા

5. યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) ગુજરાતી સાહિત્યમાં આત્મલેખનનો આદર્શ કોની આત્મકથા દ્વારા મળ્યો ?
(a) નર્મદ (b) મણિલાલ નભુભાઈ
(c) નારાયણ હેમચંદ્ર (d) ગાંધીજી

(2) રા.વિ. પાઠકે કયા ઉપનામથી નિબંધલેખન કર્યું છે ?
(a) દ્વૈપાયન (b) દ્વિરેફ
(c) શેષ (d) સ્વૈરવિહારી

(3) ઉમાશંકર જોશીની સર્જક પ્રતિભાનો પરિચય એમના કયા કાવ્યથી થવો શરૂ થઈ જાય છે ?
(a) 'વિશ્વશાંતિ' (b) 'નિશીથ'
(c) 'ગંગોત્રી' (d) 'આતિથ્ય'

(4) ગુજરાતી એકાંકી સર્જનનો પ્રારંભ કયા સર્જકથી થયો ?
(a) બટુભાઈ ઉમરવાડિયા (b) યશવંત પંડ્યા
(c) શિવકુમાર જોશી (d) ચંદ્રવદન મહેતા

(5) લલિત-નિબંધની નવી શક્યતા ઊભી કરી આપનાર નિબંધકારનું નામ જણાવો.
(a) નવલરામ (b) કાકાસાહેબ કાલેલકર
(c) કિશોરલાલ મશરૂવાળા (d) સ્વામી આનંદ

(6) શ્રી નારાયણ દેસાઈએ પિતા મહાદેવભાઈ દેસાઈનું જીવનચરિત્ર કયા નામે પ્રકાશિત કર્યું છે ?
(a) 'મહાદેવભાઈનું પૂર્વચરિત્' (b) 'મારું જીવન એ જ મારી વાણી'
(c) 'પરિવ્રાજકનું પાથેય' (d) 'અગ્નિકુંડમાં ઉગેલું ગુલાબ'

(7) કયા સંગ્રહની રચનાઓમાં ઉમાશંકર જોશીએ 'નીતરાં પાણી હોવાનાં ગુણ છે' એમ કહ્યું છે ?
(a) 'ધ્વનિ' (b) 'છંદોલય' (c) 'કોડિયાં' (d) 'બારી બહાર'

(8) તાજેતરમાં કયા ગુજરાતી સર્જકને જ્ઞાનપીઠ એવોર્ડ આપવાની જાહેરાત થઈ છે ?
(a) રઘુવીર ચૌધરી (b) લાભશંકર ઠાકર
(c) સિતાંશુ યશશ્ચંદ્ર (d) ચિનુ મોદી

(9) ઍબ્સર્ડનું પ્રચલન ગુજરાતી સાહિત્યના કયા સ્વરૂપમાં સવિશેષ જોવા મળે છે ?
(a) નવલકથા (b) નાટક-એકાંકી (c) નિબંધ (d) નવલિકા

(10) ગુજરાતી કવિતામાં પરાવાસ્તવવાદી કાવ્યરચનાઓ કોણે વિશેષ પ્રમાણમાં આપી છે ?
(a) સિતાંશુ યશશ્ચંદ્ર (b) સુરેશ જોશી
(c) લાભશંકર ઠાકર (d) ગુલામ મહોમ્મદ શેખ

(11) સૅમ્યુઅલ બેકેટના 'વેઈટિંગ ફોર ગોદો' નાટક પરથી ગુજરાતીમાં લખાયેલ નાટકનું શીર્ષક જણાવો.
(a) 'મરી જવાની મજા' (b) 'ઝેરવું'
(c) 'એક ઉંદર અને જદુનાથ' (d) 'બહારનાં પોલાણ'

(12) 'ખરા બપોર' સંગ્રહનું સ્વરૂપ જણાવો.
(a) કાવ્યસંગ્રહ (b) નવલકથા (c) નવલિકા (d) વિવેચન

(13) 'પહાડનું બાળક' તરીકે પોતાને ઓળખાવનાર સાહિત્યકારનું નામ આપો.
(a) પન્નાલાલ પટેલ (b) ઝવેરચંદ મેઘાણી
(c) ધૂમકેતુ (d) ક.મા. મુનશી

(14) "આનો પુરોગામી કાવ્યસંગ્રહ 'ઉપજાતિ' હવે રદ ગણવો" આવું નિવેદન આપનાર કવિનું નામ જણાવો.
(a) ઉમાશંકર જોશી (b) સુંદરમ્
(c) સુરેશ જોશી (d) રમેશ પારેખ